## આંક–૦૧(ચાર્જશીટ) લગત હુકમ

(૧). આ કામના આરોપી સામે ધી ઈ.પી.કો.કલમ ૧૮૮ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૧ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો. કોડ કલમ ૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીએ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નીવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨). સજા બાબતે આરોપીને સાંભળ્યા. આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે અને તે ગરીબ માણસ છે અને તેઓના ઉપર ઘરની જવાબદારી છે અને હવે પછી આવો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે. એ.પી.પી.એ. આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩). આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

## ::: હુ ક મ :::

આ કામના આરોપીને ધી ઈ.પી.કો.કલમ ૧૮૮ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૧ મુજબના ગુના માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૨૦૦/– (અંકે રુપયા બસો પુરા) દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને (૦૨) દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૯/૦૯/૨૦૨૩.

(ડી.આર.જોષી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨, અમદાવાદ.
કોડ નં. જીજે.૦૦૯૭૫.